# ન્યૂઝ ,અમરેલી
# ૯/૮/૨૦,રવિવાર

## ભાવનગરની સંજીવની હેલ્થકેરને સ્વામી અધ્યાત્મનંદજી દ્વારા મેડિકલ વેન અર્પણ





**અબતક નટવરલાલ ભાતિયા દામનગર**

ભાવનગર શહેર અને ગ્રામ્ય ક્ષેત્રમાં સેવા નો પર્યાય બની ચૂકેલ સંસ્થા શિશુવિહાર પ્રતિવર્ષ ૧૭૫ શિબીરો દ્વારા બાળકો અને વયસ્કોને આરોગ્ય સેવા થી લાભાન્વિત કરતી ભાવનગરની સેવા સંસ્થા શિશુવિહાર. તથા અમદાવાદથી સંજીવની હેલ્થ કેર ને વાઘ બકરી ચા પ્રોસેસિંગ દ્વારા મેડિકલ વેન અર્પણ કરવામાં આવ્યું હતું ૫.ઓગસ્ટે ટી હાઉસના મેનેજિંગ ડિરેક્ટર રશેસ ભાઈ દેસાઈ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પારસ દેસાઈ અને પરાગ દેસાઈ તેમજ રીહદ ડિરેક્ટર પ્રિયમ પરીખ દ્વારા શિશુવિહારની સેવાને બિરદાવવામાં આવી આ પૂર્વે શિવાનંદ આશ્રમમાં સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ દ્વારા પૂજન અને આશીર્વાદથી શિશુવિહારની માનવ સેવાને પ્રેરણા બળ મળ્યું હતું.

અવૈધિક તાલીમ દ્વારા સર્વાંગી બાળવિકાસના હેતુને વિસ્તારતા શિશુવિહાર બાળ પુસ્તકાલય અંતર્ગત સતત સાતમા વર્ષે તૈયાર થયેલ અતુલ્ય ભારત વિષયે બાળ ચિત્રોના કેલેન્ડરનું પણ બંને પરિસરમાં વિમોચન થયું હતું.